**ક્રમાંક–૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**ગુરુવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૨**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીને તાકીદ કરી અસંસદીય અને અશોભનીય ઉચ્ચારણો દૂર કરવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૯મી માર્ચ ૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સભ્યશ્રી શૈલેષ પરમાર દ્વારા ગૃહને ગેરમાર્ગે દોરતા કરેલ ઉચ્ચારણો ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો નિર્ણય જાહેર કર્યો. ભવિષ્યમાં આવા ઉચ્ચારણો કરવાથી દૂર રહેવા સભ્યશ્રી પરમાર તથા ગૃહના તમામ સભ્યોને તાકીદ કરી.

**૨. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૦૨, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૯, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૨૨, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૩૯ તથા માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૮૬ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, પૂરક માગણી ક્રમાંક ૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪, ૫ અને ૬, પૂરક માગણી ક્રમાંક ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮ તથા પૂરક માગણી ક્રમાંક ૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય બપોરના ૧.૩૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) ડો. કિરીટકુમાર પટેલ | (૧૦) શ્રી બાબુભાઇ પટેલ |
| (૨) શ્રી આત્મારામ પરમાર | (૧૧) શ્રીમતી ગેનીબેન ઠાકોર |
| (૩) શ્રી અજીતસિંહ ચૌહાણ | (૧૨) શ્રી રમણભાઇ પટેલ |
| (૪) શ્રી સી.કે.રાઉલજી | (૧૩) શ્રી સુરેશભાઇ પટેલ |
| (૫) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા | (૧૪) શ્રી જશુભાઇ પટેલ |
| (૬) શ્રી શંભુજી ઠાકોર | (૧૫) શ્રી ધનજીભાઇ પટેલ |
| (૭) શ્રી કનુભાઇ બારૈયા | (૧૬) શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| (૮) શ્રી કિશોરસિંહ ચૌહાણ | (૧૭) શ્રી વિવેકભાઇ પટેલ |
| (૯) શ્રી નૌશાદ સોલંકી | (૧૮) શ્રી ચંદનજી ઠાકોર |

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

| | |
|---|---|
| (૧૯) શ્રી પરસોત્તમભાઇ સાબરીયા | (૨૨) શ્રી મોહનલાલ વાળા |
| (૨૦) શ્રી ઋત્વિકભાઇ મકવાણા | (૨૩) શ્રી હિતુભાઇ કનોડિયા |
| (૨૧) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા | (૨૪) શ્રી ગુલાબસિંહ રાજપૂત |

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૪, ૫, ૬, ૮ અને ૧૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૧૦૨, ૯, ૨૨, ૩૯ અને ૮૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૧–૨૦૨૨ના વર્ષના અનુદાનો

માટેની પૂરક માગણી ક્રમાંક ૨, ૬, ૧૦, ૧૬, ૨૩, ૨૭, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૪૦, ૪૩, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૭, ૬૦, ૬૧, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૪, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૧૦૧ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે સાંજના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧.૨૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨ અને ૩ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૪ થી ૧૮૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૪–૩૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરીમાં ઓછા પ્રશ્નો પૂછાવા અંગે**

માનનીય સભ્યશ્રી અમિત ચાવડાએ આજ તા.૧૦મી માર્ચ ૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન માનનીય મંત્રીશ્રીઓ દ્વારા ખૂબ લાંબા જવાબ આપવાના કારણે માત્ર ત્રણ પ્રશ્નોની ચર્ચા હાથ ધરી શકવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો. જે બાબતે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ નર્મદા અને ગૃહ વિભાગને લગતા અગત્યના પ્રશ્નો હોઇ અને સભ્યશ્રીઓએ પણ લંબાણપૂર્વકના પ્રશ્નો પૂછેલ હોઇ, સભાગૃહના સભ્યોને વધુ માહિતી મળી શકે તે માટે તેમણે વધુ સમય આપેલ હોવાનું જણાવી, સભ્યશ્રી અમિત ચાવડાનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

**૩. મંત્રીશ્રીનું ક્લેરીફિકેશન**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે તા.૯મી માર્ચ ૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન પ્રશ્ન અગ્રતા ક્રમ–૧૭૪ના જવાબમાં વિસંગતતા હોવા અંગેનો મુદ્દો ઉપસ્થિત કરેલ હતો. જેના અનુસંધાને માનનીય રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ પ્રશ્નને અનુરૂપ જ જવાબ હોવાની સ્પષ્ટતા કરી.

**૪. રાજ્યકક્ષાના રમત–ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)**

માનનીય રાજ્યકક્ષાના રમત–ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાત ખેલકૂદ નીતિ–૨૦૨૨ સંબંધમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન કર્યું.

સભ્યશ્રી શૈલેષ પરમારે માનનીય રાજ્યકક્ષાના રમત–ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કરેલ નિવેદનમાં કોઇ નીતિ વિષયક બાબત નથી તેમ જણાવ્યું. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીનું નિવેદન નિયમ મુજબ હોવાનું મંતવ્ય વ્યક્ત કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ મારી પરવાનગી લઇને કરેલ નિવેદન નિયમ મુજબ હોવાનું તેમજ નિયમ–૪૪ હેઠળનું નિવેદન નીતિ વિષયક બાબતને લગતું હોવાનું જરૂરી નથી તેમ જણાવ્યું.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી મોહનભાઇ ઢોડિયાએ સમિતિનો છઠ્ઠો અને સાતમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( પહેલો દિવસ )**

બુધવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૨–૨૦૨૩ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી)
(૨) શ્રી પંકજભાઇ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી)
(૩) શ્રી ઋષિકેશ પટેલ ( આરોગ્ય મંત્રીશ્રી)

**વિરામ સાંજના ૫.૫૧થી ૬.૨૦**

**૭. બિન– સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

૧. **દાખલ કરવાના બિન–સરકારી વિધેયક**

સન ૨૦૨૨નું ગુજરાત ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષક વિધેયક – માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા ગેરહાજર હોવાથી દાખલ થઇ શક્યું નહીં.

૨. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૯નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક– માનનીય સભ્યશ્રી મહેશભાઇ રાવલ ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

(૨) સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૮નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક– માનનીય સભ્યશ્રી વી.ડી.ઝાલાવાડિયા ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક– માનનીય સભ્યશ્રી અરવિંદકુમાર પટેલ ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

(૪) સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક– ૬– સન ૨૦૨૧નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક – માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા ગેરહાજર હોઇ રજૂ થયું નહીં.

**સભાગૃહ, સોમવાર તા. ૧૪મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬.૨૧ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૦મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**